भारतीय रिज़र्व बैंक
RESERVE BANK OF INDIA
www.rbi.org.in

RBI/2017-18/80

FIDD.GSSD.CO.BC.No.17/09.01.03/2017-18 18 ઓક્ટોબર 2017

ચેરમન / મેનેજીંગ ડાયરેક્ટર

જાહેર અને ખાનગી ક્ષેત્રની બેંકો

(અનુબંધ II માં આપેલ યાદી પ્રમાણે)

પ્રિય મહોદય / મહોદયા,

દીનદયાળ અંત્યોદય યોજના—નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન (DAY-NRLM)----આજીવિકા—વ્યાજ સહાય યોજના (ઈન્ટરેસ્ટ સબવેન્શન સ્કીમ)

દીનદયાળ અંત્યોદય યોજના અંતર્ગત વ્યાજ સહાય યોજના –નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન (DAY-NRLM) પર ના અમારા તારીખ 25 ઓગસ્ટ 2016 ના પરિપત્ર સંખ્યા FIDD.GSSD.CO.BC.NO.13/09.01.03/ 2016-17 નો સંદર્ભ જુઓ.

2. ભારત સરકાર ના ગ્રામિણ વિકાસ વિભાગ માંથી પ્રાપ્ત થયેલ DAY-NRLM અંતર્ગત વ્યાજ સહાય યોજના પરની વર્ષ 2017-18 માટેની પુનરાવર્તિત માર્ગદર્શિકાઓ 21 જાહેર ક્ષેત્રની બેંકો અને 19 ખાનગી ક્ષેત્રની બેંકો (સંલગ્ન યાદી પ્રમાણે) દ્વારા અમલીકરણ માટે આ સાથે જોડેલી છે. પ્રાદેશિક ગ્રામિણ બેંકો અને સહકારી બેંકો માટેનો પરિપત્ર નાબાર્ડ દ્વારા જારી કરવામાં આવશે.

આપનો વિશ્વાસુ

Sd/

(અજય કુમાર મિશ્રા)
મુખ્ય મહાપ્રબંધક
સંલગ્નક: ઉપર મુજબ

મહિલા એસએચજી (સ્વ સહાયતા સમૂહો) માટેની વ્યાજ સહાય યોજના વર્ષ 2017-18

1. અનુબંધ I પ્રમાણે 250 જિલ્લાઓમાં મહિલા સ્વ સહાયતા સમૂહને 2017-18 ના વર્ષ દરમ્યાન કરવામાં આવેલ ધિરાણ પર વ્યાજ સહાય યોજના

(i) તમામ મહિલા સ્વ સહાયતા સમૂહો (એસએચજી) રૂપિયા ત્રણ લાખ સુધીના ધિરાણ પર વાર્ષિક 7% ના દરે વ્યાજ સહાય મેળવવા માટે પાત્ર ગણાશે. SGSY હેઠળ તેમના વર્તમાન વણ ચૂકવાયેલ ઋણ/ધિરાણ પર મૂડી સહાય (કેપિટલ સબસીડી) મેળવતા એસએચજી આ યોજના અંતર્ગત લાભ મેળવવા માટે પાત્ર ગણાશે નહી.

(ii) બેંકો ગ્રામ્ય વિસ્તારોમાં તમામ મહિલા સ્વ સહાયતા સમૂહો ને 7% ના દરે ધિરાણ કરશે.

(iii) બેન્કોને વર્ષ 2017-18 માટે વેઈટેડ એવરેજ ઇન્ટરેસ્ટ ચાર્જડ (WAIC નાણા મંત્રાલય, નાણાકીય સેવાઓ ના વિભાગ દ્વારા વર્ષ 2017-18 માટે સૂચવ્યા પ્રમાણે-અનુબંધ II) અને 7% વચ્ચે ના તફાવત સુધી પરંતુ મહત્તમ 5.5% ની મર્યાદામાં સહાય કરવામાં આવશે. બેન્કોને આ સહાય એ શરતે આપવામાં આવશે કે તેઓ એસએચજી ને ઋણ/ધિરાણ વાર્ષિક 7% ના દરે ઉપલબ્ધ કરાવશે.

(iv) ઉપરાંત, એસએચજી ને લોનોની ઝડપી પુન;ચુકવણી પર વધારાની 3% ની સહાય પૂરી પાડવામાં આવશે. ઝડપી પુન: ચુકવણી પર વધારાના 3% ની વ્યાજ સહાય માટે, એસએચજી ખાતું જો તે ભારતીય રિઝર્વ બેંક દ્વારા સૂચિત નીચેના માપદંડો નું પાલન કરશે તો તેને ત્વરિત ચુકવણી કરનાર ગણવામાં આવશે:

a. કેશ ક્રેડીટ ઋણ માટે:

i. નહી વસુલાયેલ બાકી ઋણ મર્યાદા / ઉપાડ મર્યાદા કરતા સતત ત્રીસ થી વધુ દિવસો માટે વધારે ન હોવી જોઈએ.

ii. ખાતાઓમાં નિયમિત જમા અને ઉધાર ના વ્યવહારો હોવા જોઈએ. કોઈપણ કેસમાં એક માસ દરમ્યાન ઓછામાં ઓછો એક ગ્રાહક પ્રેરિત જમા વ્યવહાર થવો જોઈએ.

iii. ગ્રાહક પ્રેરિત જમા રકમ માસ દરમ્યાન ઉધારેલ વ્યાજ ને આવરી લેવા માટે પર્યાપ્ત હોવી જોઈએ.

b. ટર્મ લોન માટે:

ટર્મ લોન ખાતું કે જેમાં તમામ વ્યાજ ચુકવણી અને/અથવા મુદ્દલ ના હપ્તાઓની ચુકવણી ટર્મ લોન ની મુદત દરમ્યાન દેય તારીખ થી 30 દિવસની અંદર કરવામાં આવતી હોય તેને ત્વરિત ચુકવણી ધરાવતું ખાતું ગણવામાં આવશે.

(v) ભવિષ્યમાં આ વિષય પર ઝડપી ચુકવણી ની માર્ગદર્શિકાઓ આરબીઆઈની માર્ગદર્શિકાઓ દ્વારા અનુસરવાનું ચાલુ રાખશે.

રીપોર્ટીંગ ત્રિમાહી ના અંતે તમામ ત્વરિત ચૂકવાયેલ સ્વ સહાયતા સમૂહ ખાતાઓ વધારા ની 3% વ્યાજ સહાય માટે પાત્ર ગણાશે. બેન્કોએ પાત્ર એસએચજી લોન ખાતાઓમાં 3% વધારાની વ્યાજ સહાય જમા કરવી જોઈએ અને ત્યારબાદ ભરપાઈ (Reimbursement) માટે દાવો કરવો જોઈએ.

vi. આ યોજના માત્ર ગ્રામિણ વિસ્તારોમાં મહિલા સ્વ સહાયતા સમૂહો પુરતીજ માર્યાદિત છે.

vii. આ યોજના માટેનું નાણા ભંડોળ DAY- NRLM હેઠળ ની કેન્દ્રીય ફાળવણી માંથી મેળવવામાં આવશે.

viii. વ્યાજ સહાય યોજનાનું અમલીકરણ ગ્રામિણ વિકાસ વિભાગ દ્વારા ચયનિત નોડલ બેંક દ્વારા કરવામાં આવશે. ગ્રામિણ વિકાસ વિભાગ દ્વારા સૂચવ્યા મુજબ નોડલ બેંક એક વેબ આધારિત પ્લેટફોર્મ મારફતે આ યોજના નો અમલ કરશે. 2017-18 ના વર્ષ માટે, કેનરા બેંક ને ગ્રામિણ વિકાસ વિભાગ દ્વારા નોડલ બેંક તરીકે નામાંકિત કરવામાં આવેલી છે.

ix. આ યોજના અન્વયે વ્યાજ સહાય માટે પાત્ર થવા માટે, બેન્કો કોર બેન્કીંગ સોલ્યુશન (સીબીએસ) હેઠળ કાર્ય કરતી હોવી જોઈશે.

x. એસએચજીઓ ને 7% ના દરે આપેલ ઋણ/ધિરાણ પર વ્યાજ સહાય પ્રાપ્ત કરવા માટે, બેન્કોએ આવશ્યક ટેકનીકલ સ્પષ્ટીકરણ મુજબ નોડલ બેંક ના પોર્ટલ પર એસએચજી લોન ખાતાઓની માહિતી અપલોડ કરવાની રહેશે. એસએચજી દ્વારા ત્વરિત ચુકવણી માટે 3% ની વધારાની વ્યાજ સહાય માટેનો દાવો તે જ પોર્ટલ પર અપલોડ કરવાનો રહેશે. બંને દાવાઓ (WAIC અથવા ધિરાણ દર અને 7% વચ્ચેનો તફાવત) અને વધારાના દાવાઓ (ત્વરિત ચુકવણી પર 3%) ત્રિમાસિક ધોરણે 30 જૂન 2017, 30 સપ્ટેમ્બર 2017, 31 ડીસેમ્બર 2017 અને 31 માર્ચ 2018 પછીના મહિનાના છેલ્લા અઠવાડિયા સુધીમાં પ્રસ્તુત કરવાના રહેશે.

xi. બેંકો દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ દાવાઓ સાથે દાવા પ્રમાણપત્ર જોડેલું હોવું જોઈએ કે જેમાં પ્રમાણિત કરેલું હોય કે સહાય માટેના દાવાઓ સાચા અને વ્યાજબી છે (<u>અનુબંધ –III & IV</u>). કોઈપણ બેંક ના 31 માર્ચ 2018 ના રોજ પુરા થતા ત્રિમાસ ના દાવાઓ ની પતાવટ ગ્રામિણ વિકાસ વિભાગ દ્વારા સંબંધિત બેંક માંથી સમગ્ર નાણાકીય વર્ષ 2017-18 માટેનું સ્ટેચ્યુટરી ઓડીટર નું પ્રમાણપત્ર પ્રાપ્ત થાય ત્યારે કરવામાં આવશે.

xii. વર્ષ 2017-18 દરમ્યાન કરેલ વિતરણ માટેના બાકીના દાવાઓ અને વર્ષ દરમ્યાન જેનો સમાવેશ ન થયો હોય તેવા દાવાઓ ને અલગથી સંકલિત કરવા અને તેને "વધારાના દાવાઓ" તરીકે ચિન્હિત કરવા અને નોડલ બેંક ને મોડામાં મોડા 30 જૂન 2018 સુધીમાં તેની સત્યતાને પ્રમાણિત કરતા સ્ટેચ્યુટરી ઓડીટર ના પ્રમાણપત્ર સાથે પ્રસ્તુત કરવા જોઈએ. 30 જૂન 2018 બાદ નાણાકીય વર્ષ 2017-18 માટે વ્યાજ સહાય ને લગતા કોઈપણ બેંક ના દાવાઓ સ્વીકારવામાં આવશે નહી.

xiii. બેંકો દ્વારા દાવાઓમાં કોઈપણ પ્રકારના સુધારાઓ નું સમાયોજન ઓડીટર ના પ્રમાણપત્રના આધારે પછીના દાવાઓમાંથી કરવામાં આવશે અને તદ અનુસાર આવા સુધારાઓ નોડલ બેન્કના પોર્ટલ પર કરવા જોઈએ.

## II. શ્રેણી-II જિલ્લાઓ (250 જિલ્લાઓ સિવાયના) માટે વ્યાજ સહાય યોજના

ઉપરોક્ત 250 જિલ્લાઓ સિવાયના અન્ય જિલ્લાઓ ને સમાવતા શ્રેણી-II ના જિલ્લાઓ માટે, DAY-NRLM હેઠળ ના તમામ મહિલા સ્વ સહાયતા સમૂહો લોન ધિરાણ ની સવલત 7% ના વ્યાજ દરે મેળવવા માટે વ્યાજ સહાય માટે પાત્ર ગણાશે. આ સહાય માટેનું ભંડોળ DAY-NRLM માટેની ફાળવણી માંથી સ્ટેટ રૂરલ લાઈવલીહુડ મિશન (SRLM) ને આપવામાં આવશે. શ્રેણી-II જિલ્લાઓમાં, બેંકો એસએચજી પાસેથી તેમના સંબંધિત ધિરાણ નિયમો મુજબ વ્યાજ વસુલશે અને નાણાકીય વર્ષ 2017-18 માટે ધિરાણ દરો અને 7% વચ્ચેનો તફાવત મહત્તમ 5.5% સુધી SRLM હેઠળ એસએચજી ના લોન ખાતાઓમાં સહાય આપવામાં આવશે. ઉપરના અનુસંધાનમાં, વર્ષ 2017-18 માટે, શ્રેણી-II જિલ્લાઓ માટે વ્યાજ સહાય ના સંબંધમાં મુખ્ય લાક્ષણીકતાઓ અને ઓપરેશનલ માર્ગદર્શિકાઓ નીચે પ્રમાણે છે:

**(A) બેન્કોની ભૂમિકા**

તમામ બેંકો કે જેઓ કોર બેન્કીંગ સોલ્યુશન (CBS) પર કાર્યરત હોય તેઓએ તમામ જિલ્લાઓ ના એસએચજી ને કરેલ ઋણ વિતરણ અને ઋણ બાકીઓ ની વિગતો, CBS પ્લેટફોર્મ પરથી સીધીજ, ગ્રામિણ વિકાસ વિભાગ દ્વારા સૂચિત ફોરમેટ માં ગ્રામિણ વિકાસ મંત્રાલય (FTP અથવા ઇન્ટરફેસ મારફતે) અને SRLMs ને પ્રસ્તુત કરવાની રહેશે. વ્યાજ સહાય ની રકમ ની ગણતરી અને એસએચજી ને વિતરણ માટે આવી માહિતી માસિક ધોરણે પૂરી પાડવાની રહેશે.

**(B) રાજ્ય સરકારોની ભૂમિકા**

(i). ગ્રામિણ વિસ્તારોના તમામ મહિલા સ્વ સહાયતા સમૂહો ને DAY-NRLM હેઠળ એસએચજી ગણવામાં આવશે અને તેઓ ત્વરિત પુન:ચુકવણી પર વાર્ષિક 7% ના દરે રૂપિયા ત્રણ લાખ સુધીના ઋણ માટે વ્યાજ સહાય મેળવવા માટે પાત્ર ગણાશે.

(ii). સ્ટેટ રૂરલ લાઈવલીહુડ મિશન દ્વારા આ યોજના નો અમલ કરવામાં આવશે. સ્ટેટ રૂરલ લાઈવલીહુડ મિશન વ્યાજ સહાય પૂરી પાડશે અને આ સહાય માટેનું ભંડોળ ભારત સરકારના ધારાધોરણ મુજબ કેન્દ્રીય ફાળવણી અને રાજ્યના ફાળામાંથી પૂરું પાડવામાં આવશે.

(iii). એસએચજીઓને નાણાકીય વર્ષ 2017-18 માટે બેન્કોના ધિરાણ દર અને 7% વચ્ચેના તફાવત જેટલી રકમ, મહત્તમ 5.5% સુધી, SRLMs દ્વારા સીધીજ માસિક / ત્રિમાસિક ધોરણે સહાય તરીકે આપવામાં આવશે. એસએચજીઓ કે જેમણે ત્વરિત ચુકવણી કરેલી છે તેમના લોન ખાતાઓમાં SRLM દ્વારા સહાયની રકમ ઈ-ટ્રાન્સફર કરવામાં આવશે. જો લોન ખાતું બંધ થઇ ગયું હોય અથવા કોઈ કારણસર લોન ખાતામાં ઈ-ટ્રાન્સફર થઇ શકી ન હોય તો સહાયની રકમ સંબંધિત એસએચજીના અનુરૂપ બચત ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે.

(iv). વ્યાજ સહાયના હેતુ માટે, કોઈપણ ખાતું જો તે ભારતીય રિઝર્વ બેંક દ્વારા સૂચિત નીચેના માપદંડો નું પાલન કરશે તો તેને ત્વરિત ચુકવણી કરનાર ગણવામાં આવશે:

<u>a. કેશ ક્રેડીટ ઋણ માટે:</u>

i. નહી વસુલાયેલ બાકી ઋણ મર્યાદા / ઉપાડ મર્યાદા કરતા સતત ત્રીસ થી વધુ દિવસો માટે વધારે ન હોવી જોઈએ.

ii. ખાતાઓમાં નિયમિત જમા અને ઉધાર ના વ્યવહારો હોવા જોઈએ. કોઈપણ કેસમાં એક માસ દરમ્યાન ઓછામાં ઓછો એક ગ્રાહક પ્રેરિત જમા વ્યવહાર થવો જોઈએ.

iii. ગ્રાહક પ્રેરિત જમા રકમ માસ દરમ્યાન ઉધારેલ વ્યાજ ને આવરી લેવા માટે પર્યાપ્ત હોવી જોઈએ.

<u>b. ટર્મ લોન માટે:</u>

ટર્મ લોન ખાતું કે જેમાં તમામ વ્યાજ ની ચુકવણી અને/અથવા મુદ્દલ ના હપ્તાઓની ચુકવણી ટર્મ લોન ની મુદત દરમ્યાન દેય તારીખ થી 30 દિવસની અંદર કરવામાં આવતી હોય તેને ત્વરિત ચુકવણી ધરાવતું ખાતું ગણવામાં આવશે. ભવિષ્યમાં આ વિષય પર ઝડપી ચુકવણી ની માર્ગદર્શિકાઓ આરબીઆઈની માર્ગદર્શિકાઓ દ્વારા અનુસરવાનું ચાલુ રાખશે.

(v). SGSY હેઠળ તેમના વર્તમાન ઋણ/ધિરાણ પર મૂડી સહાય (કેપિટલ સબસીડી) મેળવતા મહિલા એસએચજી આ યોજના અંતર્ગત તેમની ચાલુ લોન માટે વ્યાજ સહાય નો લાભ મેળવવા માટે પાત્ર ગણાશે નહી.

(vi). SRLMs પાત્ર એસએચજી ના લોન ખાતાઓમાં ટ્રાન્સફર કરેલ સહાય ની રકમ દર્શાવતું ત્રિમાસિક યુટિલાઈઝેશન પ્રમાણપત્ર પ્રસ્તુત કરવાનું રહેશે.

III. ગ્રામિણ વિકાસ મંત્રાલય રાજ્ય સરકારો ના પરામર્શમાં રાજ્ય વિશેષ વ્યાજ સહાય યોજનાઓ (જો હોય તો) ને કેન્દ્રીય યોજના ની લાઈન પર સંવાદીત કરશે.

અનુબંધ-I

**7% ના દરે ધિરાણ માટે વ્યાજ સહાય અને ત્વરિત પુન: ચુકવણી પર 3% વધારાની વ્યાજ સહાય માટે લાયકાત ધરાવતા 250 જિલ્લાઓની યાદી**

| અનુ. નંબર | રાજ્યો | અનુ. નંબર | જીલ્લાનું નામ |
|---|---|---|---|
| 1 | આંધ્રપ્રદેશ | 1 | ગંતુર |
| | | 2 | ક્રિષ્ના |
| | | 3 | શ્રીકાકુલમ |
| | | 4 | પૂર્વ ગોદાવરી |
| | | 5 | વિજયનગ્રામ |
| | | 6 | વિશાખાપટનમ |
| 2 | અરુણાચલ પ્રદેશ | 1 | પૂર્વ સિયાંગ |
| | | 2 | પૂર્વ કામેંગ |
| | | 3 | પપુમપારે |
| | | 4 | લોહિત |
| 3 | આસામ | 1 | ચીરંગ |
| | | 2 | સોનીતપુર |
| | | 3 | કરબી એન્ગ્લોંગ |
| | | 4 | તિનસુકિયા |
| | | 5 | હેલાકાંડી |
| | | 6 | ધેમેજી |
| | | 7 | જોરહટ |
| | | 8 | નાગાઓ |
| 4 | બિહાર | 1 | સહરસા |
| | | 2 | સુપૌલ |
| | | 3 | માધેપુરા |
| | | 4 | નાલંદા |
| | | 5 | ખગ્રિયા |
| | | 6 | પૂર્વ ચંપારણ (મોતીહારી) |
| | | 7 | અરવાલ |
| | | 8 | ઔરંગાબાદ |
| | | 9 | ગયા |
| | | 10 | જમુલી |
| | | 11 | જેહાનાબાદ |
| | | 12 | કૈમૂર |
| | | 13 | મુંગેર |
| | | 14 | નવાદા |
| | | 15 | રોહતાસ |

| | | | |
|---|---|---|---|
| | | 16 | પશ્ચિમ ચંપારણ |
| | | 17 | સીતામઢી |
| 5. | છત્તીસગઢ | 1 | બલરામપુર |
| | | 2 | સુરજપુર |
| | | 3 | સુકમા |
| | | 4 | કોન્ડાગાવ |
| | | 5 | ગરીયાબાદ |
| | | 6 | બલોડા બાઝાર |
| | | 7 | ધમત્રાઈ |
| | | 8 | રાઈગઢ |
| | | 9 | બસ્તર |
| | | 10 | બીજાપુર |
| | | 11 | દાંતેવાડા |
| | | 12 | જશપુર |
| | | 13 | કંકિર |
| | | 14 | કવર્ધા |
| | | 15 | કોરિયા |
| | | 16 | નારાયણપુર |
| | | 17 | રાજનંદગાવ |
| | | 18 | સર્ગુઆ |
| 6 | ગુજરાત | 1 | છોટાઉદેપુર |
| | | 2 | મહીસાગર |
| | | 3 | મહેસાણા |
| | | 4 | જુનાગઢ |
| | | 5 | વડોદરા |
| | | 6 | બનાસકાંઠા |
| | | 7 | પંચમહાલ |
| 7 | ઝારખંડ | 1 | પક્કુર |
| | | 2 | દુમકા |
| | | 3 | ગોડ્ડા |
| | | 4 | બોકારો |
| | | 5 | ચતરા |
| | | 6 | ગરહવા |
| | | 7 | ગિરિધ |
| | | 8 | ગુમલા |
| | | 9 | હઝારીબાગ |
| | | 10 | ખુંટી |
| | | 11 | કોડરમા |
| | | 12 | લાતેહાર (ઉ) |
| | | 13 | લોહારદાગા |
| | | 14 | પશ્ચિમ સિંગભુમ |
| | | 15 | પલામુ |

| | | | |
|---|---|---|---|
| | | 16 | પૂર્વી સીન્ઘભુમ |
| | | 17 | રામગઢ |
| | | 18 | રાંચી (ગ્રામ્ય) |
| | | 19 | સરાઈકિલા (ઉ) |
| | | 20 | સિમડેગા (ઉ) |
| 8 | કર્ણાટક | 1 | બીજાપુર |
| | | 2 | કામરાજનગર |
| | | 3 | ચિત્રદુર્ગ |
| | | 4 | ગુલબર્ગ |
| | | 5 | મૈસુર |
| | | 6 | તુમકુર |
| | | 7 | ગડગ |
| | | 8 | કોપ્પલ |
| 9 | મધ્ય પ્રદેશ | 1 | સાગર |
| | | 2 | દમોહ |
| | | 3 | તિકમગઢ |
| | | 4 | પન્ના |
| | | 5 | ચાહતાપુર |
| | | 6 | ઝાબુઆ |
| | | 7 | ધાર |
| | | 8 | અન્નુપુર |
| | | 9 | બાલાઘાટ |
| | | 10 | દીન્દોરી |
| | | 11 | મંડલા |
| | | 12 | સેનોઈ |
| | | 13 | શાહડોલ |
| | | 14 | સીધી |
| | | 15 | ઉમરિયા |
| | | 16 | છિંદવાડા |
| | | 17 | સીન્ગ્રૌલી |
| | | 18 | બડવાની |
| | | 19 | શેઓપુર |
| | | 20 | અલીરાજપુર |
| 10 | મહારાષ્ટ્ર | 1 | સોલાપુર |
| | | 2 | રત્નાગિરી |
| | | 3 | થાણે |
| | | 4 | વર્ધા |
| | | 5 | સિંધુદુર્ગ |
| | | 6 | ચંદ્રપુર |
| | | 7 | ગડચિરોલી |
| | | 8 | ગોન્ડિયા |
| | | 9 | જાલના |

| | | | |
|---|---|---|---|
| | | 10 | ઓસ્માનાબાદ |
| | | 11 | નંદુરબાર |
| | | 12 | યવતમાળ |
| | | 13 | બીડ |
| 11 | ઓડીસા | 1 | અંગુલ |
| | | 2 | ભદ્રક |
| | | 3 | બાલાસોરે |
| | | 4 | કટક |
| | | 5 | બલાનગીરી |
| | | 6 | દેવગઢ |
| | | 7 | ગજપતિ |
| | | 8 | ગંજામ |
| | | 9 | જૈપુર |
| | | 10 | કાલાહાંડી |
| | | 11 | કંધમાલ |
| | | 12 | કેન્દુઝર |
| | | 13 | કોરાપુટ |
| | | 14 | મલકાનગીરી |
| | | 15 | મયુરભંજ |
| | | 16 | નાબ્રન્ગપુર |
| | | 17 | નયાગઢ |
| | | 18 | નુંઅપડા |
| | | 19 | રાયગડ |
| | | 20 | સંબલપુર |
| | | 21 | સોનપુર |
| | | 22 | સુન્દરગઢ |
| 12 | રાજસ્થાન | 1 | ડુંગરપુર |
| | | 2 | બાંસવાડા |
| | | 3 | ધોલપુર |
| | | 4 | ઝાલાવાડ |
| | | 5 | બરન |
| | | 6 | અજમેર |
| | | 7 | અલવાર |
| | | 8 | દૌસા |
| | | 9 | ઉદૈપુર |
| 13 | તમિલનાડુ | 1 | કુડાલોરે |
| | | 2 | નાગપટ્ટીનમ |
| | | 3 | થાન્જોરે |
| | | 4 | ડીનડીગલ |
| | | 5 | વિલુપુરમ |
| | | 6 | વેલ્લોરે |
| | | 7 | થીરુવાન્નામલઈ |

| | | | |
|---|---|---|---|
| | | 8 | ત્રિચી |
| | | 9 | ધર્માપુરી |
| 14 | ઉત્તર પ્રદેશ | 1 | આગ્રા |
| | | 2 | અલીગઢ |
| | | 3 | ઔરીયા |
| | | 4 | બસ્તી |
| | | 5 | બિજનોર |
| | | 6 | લખીમપુર ખેરી |
| | | 7 | ઉન્નાવ |
| | | 8 | વારાણસી |
| | | 9 | બારાબંકી |
| | | 10 | ગોરખપુર |
| | | 11 | લખનૌ |
| | | 12 | ચન્દૌલી |
| | | 13 | મિરઝાપુર |
| | | 14 | સોનભદ્રા |
| | | 15 | બદાયું |
| | | 16 | હરદોઈ |
| | | 17 | ઈટાવા |
| | | 18 | આઝામગઢ |
| | | 19 | અલ્હાબાદ |
| | | 20 | આંબેડકરનગર |
| | | 21 | બહરૈચ |
| | | 22 | દેવરિયા |
| | | 23 | જાલૌન |
| | | 24 | હમીરપુર |
| | | 25 | બાન્ડા |
| 15 | પશ્ચિમ બંગાળ | 1 | અલીપુરદ્વાર |
| | | 2 | પૂર્વ મેદનીપુર |
| | | 3 | સાઉથ 24 પરગણા |
| | | 4 | બાંકુરા |
| | | 5 | પશ્ચિમ મેદનીપુર |
| | | 6 | કુચબેહાર |
| | | 7 | બીરભૂમ |
| | | 8 | પુરુલિયા |
| 16 | તેલંગણા | 1 | મેહબૂબનગર |
| | | 2 | અદિલાબાદ |
| | | 3 | વારંગલ |
| | | 4 | ખમ્મામ |
| | | 5 | કરીમનગર |
| 17 | કેરાલા | 1 | ઈડુક્કી |
| | | 2 | વાયનાડું |

| | | | |
|---|---|---|---|
| | | 3 | પલ્લાક્કડ |
| | | 4 | માલ્લાપુરમ |
| 18 | હરિયાણા | 1 | મહેન્દ્રગઢ |
| | | 2 | કરનાલ |
| | | 3 | જિંદ |
| | | 4 | મેવાત |
| | | 5 | ભીવાની |
| | | 6 | ઝાજ્જર |
| 19 | હિમાચલ પ્રદેશ | 1 | કાંગડા |
| | | 2 | ઉના |
| | | 3 | શિમલા |
| | | 4 | મંડી |
| 20 | જમ્મુ અને કાશ્મીર | 1 | કુપવાડા |
| | | 2 | પૂંચ |
| | | 3 | કીસ્તવાર |
| | | 4 | બુડગામ |
| | | 5 | ઉધમપુર |
| | | 6 | ગંદેરબલ |
| 21 | પંજાબ | 1 | પતિયાલા |
| | | 2 | સંગરુર |
| | | 3 | ભટીંડા |
| | | 4 | તરણ તારણ |
| | | 5 | ગુરદાસપુર |
| | | 6 | ફિરોઝપુર |
| 22 | ઉત્તરાખંડ | 1 | પિથોરાગઢ |
| | | 2 | પોરી ગઢવાલ |
| | | 3 | ચમોલી |
| | | 4 | બાગેશ્વર |
| 23 | મણીપુર | 1 | ચંડેલ |
| | | 2 | પૂર્વ ઈમ્ફાલ |
| 24 | મેઘાલય | 1 | પશ્ચિમ ગારો હિલ્સ |
| | | 2 | દક્ષિણ-પશ્ચિમ ખાસી હિલ્સ |
| | | 3 | પશ્ચિમ ખાસી હિલ્સ |
| 25 | મિઝોરમ | 1 | સેરછિપ |
| | | 2 | ઐઝવાલ |
| | | 3 | લુન્ગલેઇ |
| 26 | નાગાલેંડ | 1 | કિફેરે |
| | | 2 | લોન્ગલેન્ગ |
| | | 3 | પેરેન |
| | | 4 | તુએન્સન્ગ |
| | | 5 | મોન |
| 27 | ત્રિપુરા | 1 | ધલાઈ |

| | | | |
|---|---|---|---|
| | | 2 | પશ્ચિમ ત્રિપુરા |
| | | 3 | ઉત્તર ત્રિપુરા |
| 28 | પુડુચેરી | 1 | પુડુચેરી |
| 29 | અંદામાન & નિકોબાર આઈલેન્ડ | 1 | ઉત્તર & મિડલ અંદામાન જિલ્લો |
| 30 | સિક્કીમ | 1 | દક્ષિણ સિક્કીમ |
| | | 2 | પૂર્વ સિક્કીમ |
| 31 | ગોવા | 1 | ઉત્તર ગોવા |

અનુબંધ-II

## વર્ષ 2017-18 માટે વેઈટેડ એવરેજ ઈન્ટરેસ્ટ ચાર્જર્ડ (WAIC)

| અનુ. નંબર | બેન્કનું નામ | વેઈટેડ એવરેજ ઈન્ટરેસ્ટ ચાર્જર્ડ (WAIC) | WAIC ના આધારે 7% થી વધારે વ્યાજ અંગે આપવાની સહાય, 5.5% ની મર્યાદા ને આધિન |
|---|---|---|---|
| | **જાહેર ક્ષેત્રની બેંકો** | | |
| 1 | અલ્હાબાદ બેંક | 9.25 | 2.25 |
| 2 | આન્ધ્ર બેંક | 12.50 | 5.50 |
| 3 | બેંક ઓફ બરોડા | 9.10 | 2.10 |
| 4 | બેંક ઓફ ઈન્ડિયા | 8.80 | 1.80 |
| 5 | બેંક ઓફ મહારાષ્ટ્ર | 10.50 | 3.50 |
| 6 | કેનરા બેંક | 10.15 | 3.15 |
| 7 | સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા | 9.50 | 2.50 |
| 8 | કોર્પોરેશન બેંક | 10.85 | 3.85 |
| 9 | દેના બેંક | 10.12 | 3.12 |
| 10 | ઈન્ડિયન બેંક | 11.83 | 4.83 |
| 11 | ઈન્ડિયન ઓવરસીઝ બેંક | 11.46 | 4.46 |
| 12 | ઓરીએન્ટલ બેંક ઓફ કોમર્સ | 10.10 | 3.10 |
| 13 | પંજાબ નેશનલ બેંક | 10.76 | 3.76 |
| 14 | પંજાબ & સિંધ બેંક | 10.71 | 3.71 |
| 15 | સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા | 11.50 | 4.50 |
| 16 | સીન્ડીકેટ બેંક | 10.25 | 3.25 |
| 17 | યૂકો બેંક | 11.34 | 4.34 |
| 18 | યુનિયન બેંક ઓફ ઈન્ડિયા | 9.10 | 2.10 |
| 19 | યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા | 10.63 | 3.63 |
| 20 | વિજયા બેંક | 11.45 | 4.45 |
| 21 | આઈડીબીઆઈ | 11.55 | 4.55 |
| | **ખાનગી ક્ષેત્રની બેંકો** | | |
| 1 | ધી કરુર વૈશ્ય બેંક | 12.07 | 5.07 |
| 2 | કોટક મહિન્દ્રા બેંક | NA* | NA* |
| 3 | ધનલક્ષ્મી બેંક | 12.50 | 5.50 |
| 4 | તામિલનાડ મરકંટાઈલ બેંક | 12.50 | 5.50 |
| 5 | યસ બેંક | NA* | NA* |
| 6 | ઈન્ડસઈન્ડ બેંક | NA* | NA* |
| 7 | એક્સિસ બેંક | 12.48 | 5.48 |
| 8 | એચડીએફસી બેંક | 15.25 | 5.50 |
| 9 | આઈસીઆઈસીઆઈ બેંક | 14.48 | 5.50 |
| 10 | લક્ષ્મી વિલાસ બેંક | 11.05 | 4.05 |

| | | | |
|---|---|---|---|
| 11 | જે & કે બેંક | 12.50 | 5.50 |
| 12 | સીટી યુનિયન બેંક | 11.50 | 4.50 |
| 13 | કર્ણાટક બેંક લીમીટેડ | 11.50 | 4.50 |
| 14 | ડીસીબી બેંક | 26.00 | 5.50 |
| 15 | આરબીએલ બેંક | 18.00 | 5.50 |
| 16 | બંધન બેંક | NA* | NA* |
| 17 | આઈડીએફસી બેંક | NA* | NA* |
| 18 | કેપિટલ સ્મોલ ફાઈનાન્સ બેંક | NA* | NA* |
| 19 | સાઉથ ઈન્ડિયન બેંક | 12.35 | 5.35 |

NA* મહિલા સ્વ સહાયતા સમુહને શૂન્ય ધિરાણ હોય તેવી બેંકો

**<u>અનુબંધ-III</u>**

**મહિલા સ્વ સહાયતા સમૂહો (એસએચજી) ને રૂપિયા ત્રણ લાખ સુધીના ધિરાણ માટે, 7% ના દરે આપેલ લોન પર વર્ષ 2017-18 માટે વ્યાજ સહાય નો દાવો**

**બેન્કનું નામ:**

**--------------- થી ------------ ના સમય માટેના દાવાનું વિવરણ: વિતરણ કરેલ / બાકી ધિરાણ રૂપિયા ત્રણ લાખ સુધી**

| -----થી----- સમય દરમ્યાન નવા ખોલેલ ધિરાણ ખાતાઓ | | ------- ના રોજ બાકી રકમ (અગાઉના સમયગાળાના અંતે) | | ---------ના રોજ કુલ બાકી રકમ | | વ્યાજ સહાયની રકમ |
|---|---|---|---|---|---|---|
| ખાતાની સંખ્યા | રકમ | ખાતાની સંખ્યા | રકમ | ખાતાની સંખ્યા | રકમ | રકમ |
| | | | | | | |

અમે આ સાથે પ્રમાણપત્ર આપીએ છીએ કે વર્ષ 2017-18 માં મહિલા સ્વ સહાયતા સમૂહો (એસએચજી) ને રૂપિયા ત્રણ લાખ સુધીના ધિરાણ સુધી ઉપર ના વિતરણ / બાકી રકમ પર વાર્ષિક 7% ના દરે વ્યાજ વસુલવામાં આવ્યું હતું. અમે એ પણ પ્રમાણિત કરીએ છીએ કે ઉપરના દાવાની રકમ અને ખાતાઓ માત્ર શ્રેણી-I ના જિલ્લાઓમાંથી છે અને આરબીઆઈની માર્ગદર્શિકાઓ મુજબ દાવો કરેલ તમામ ખાતાઓ વ્યાજ સહાય માટે પાત્ર છે. અમે એ પણ પ્રમાણિત કરીએ છીએ કે દાવાઓમાં કોઈ ડુપ્લીકેશન નથી અને શાખા સ્તરે નિયમિત દાવો અથવા વધારાની વ્યાજ સહાય નો દાવો રજુ કરતી વખતે ન્યુનતમ માનવ હસ્તક્ષેપ કરવામાં આવેલો છે.

તારીખ: અધિકૃત હસ્તાક્ષર કરનાર

(દાવાનું આ પ્રારૂપ સમગ્ર વર્ષ માટે સંકલિત કરેલું છે અને તેને સ્ટેચ્યુટરી ઓડીટર દ્વારા પ્રમાણિત કરેલું હોવું જોઈએ અને તેને 31 માર્ચ 2018 ના રોજ પુરા થતા ત્રિમાસિક માટે ના દાવા સાથે પછીના નાણાકીય વર્ષના 30મી જૂન સુધીમાં પ્રસ્તુત કરવાનું રહેશે.)

**અનુબંધ-IV**

**વર્ષ 201718 માટે રૂપિયા ત્રણ લાખ સુધીના ધિરાણ માટે ત્વરિત પુન:ચુકવણી પર 3% ના દરે વધારાની વ્યાજ સહાય માટેનો દાવો**

**બેન્કનું નામ:**

**--------------- થી ------------ ના સમય માટેના દાવાનું વિવરણ: વિતરણ કરેલ / બાકી ધિરાણ રૂપિયા ત્રણ લાખ સુધી**

| -----થી----- સમય દરમ્યાન નવા ખોલેલ ધિરાણ ખાતાઓ | | ------- ના રોજ બાકી રકમ (અગાઉના સમયગાળાના અંતે) | | ---------ના રોજ કુલ બાકી રકમ | | નિયમિત/ પાત્ર મહિલા એસએચજીઓ | | વ્યાજ સહાયની રકમ |
|---|---|---|---|---|---|---|---|---|
| ખાતાની સંખ્યા | રકમ | ખાતાની સંખ્યા | રકમ | ખાતાની સંખ્યા | રકમ | ખાતાની સંખ્યા | રકમ | રકમ |
| | | | | | | | | |

અમે પ્રમાણપત્ર આપીએ છીએ કે ઉપરોક્ત ધિરાણોની પુન:ચુકવણી સમયસર થયેલી હતી અને વધારાની 3% વ્યાજ સહાય મહિલાઓના સ્વ સહાયતા સમૂહો ના ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવેલી છે અને તે દ્વારા ત્વરિત ચુકવણી કરનાર મહિલા એસએચજીઓ માટે અસરકારક વ્યાજનો દર 4% સુધી ઘટાડવામાં આવ્યો છે. અમે એ પણ પ્રમાણિત કરીએ છીએ કે દાવાઓમાં કોઈ ડુપ્લીકેશન નથી અને શાખા સ્તરે નિયમિત દાવો અથવા વધારાની વ્યાજ સહાય નો દાવો રજુ કરતી વખતે ન્યુનતમ માનવ હસ્તક્ષેપ કરવામાં આવેલો છે.

તારીખ: અધિકૃત હસ્તાક્ષર કરનાર

(દાવાનું આ પ્રારૂપ સમગ્ર વર્ષ માટે સંકલિત કરેલું છે અને તેને સ્ટેચ્યુટરી ઓડીટર દ્વારા પ્રમાણિત કરેલું હોવું જોઈએ અને તેને 31 માર્ચ 2018 ના રોજ પુરા થતા ત્રિમાસિક માટે ના દાવા સાથે પછીના નાણાકીય વર્ષના 30મી જૂન સુધીમાં પ્રસ્તુત કરવાનું રહેશે.)